





# ગુજરાતનાં સ્થળો અને તેના સ્થાપકો



| સ્થળનું નામ | સ્થાપક |
|---|---|
| કાંકરીયા તળાવ (અમદાવાદ)<br> | ➡ અમદાવાદમાં આવેલ કાંકરીયા તળાવની રચના સુલતાન કુતુબુદ્દીનઅહમદશાહે બીજાએ 15મી સદીમાં બંધાવેલ છે. જેને ' હોજે કુતુબ' કે ' કુતુબ હોજ'ના નામે ઓળખાય છે.<br>➡ કાંકરીયા તળાવએ અમદાવાદનું સૌથી મોટું તળાવ છે. તળાવની મધ્યમાં એક બાગ છે જે ' નગીનાવાડી'તરીકે ઓળખાય છે.<br>➡ કાંકરીયા તળાવના પ્રાગણમાં દર વર્ષે 25 થી 31 ડિસેમ્બર દરમ્યાન કાંકરીયા કાર્નિવલની ઉજવણી કરવામાં આવે છે. |
| સીદી સઇદની જાળી (અમદાવાદ)<br> | ➡ સીદી સઇદે (1573) ભદ્રમાં લાલ દરવાજા પાસે સીદી સૈયદની મસ્જિદ બનાવી હતી. આ મસ્જિદ તેની જાળી માટે વિખ્યાત છે.<br>➡ મસ્જિદની દિવાલોમાં ત્રણ મોટી જાળી છે. જે એક જ પથ્થરમાંથી બનાવેલ છે. તે પોણા ચાર મીટર લાંબી અને સવા બે મીટર પહોળી છે. એક જાલીમાં વૃક્ષની ડાળીઓમાંથી રચાયેલી આકૃતિ છે. તો બીજીમાં ભૌમિતિક ભાતો છે. |
| જુમ્મા કે જામા મસ્જિદ (અમદાવાદ)<br> | ➡ અમદાવાદ શહેરની સૌથી જૂની મસ્જિદોમાંની એક જમા મસ્જિદ બાદશાહ અહમદશાહેઇ.સ. 1424માં બાંધવી હતી.<br>➡ મસ્જિદની પૂર્વ દિશામાં અહમદ શાહ, તેમના પુત્ર અને તેમના પૌત્રની કબર આવેલી છે જે અહમદ શાહ રોજા તરીકે ઓળખાય છે.<br>➡ મસ્જિદની નજીકમાં અહમદશાહની પત્નીઓની કબર આવેલી છે જે રાણીના હજીરા તરીકે ઓળખાય છે.જામા મસ્જિદ ઇસ્લામી સ્થાપત્ય કલાનો બેનમુન નમુનો છે. |
| રાણી સિપ્રીની મસ્જિદ (અમદાવાદ)<br> | ➡ અમદાવાદ શહેરના કોટ વિસ્તારમાં આવેલ આ મસ્જિદ મહમદ બેગડાની હિન્દુ રાણી અસમીએ દ્વારા ઇ.સ. 1514માં બાંધવામાં આવી હતી.<br>➡ તેની દિવાલો પર જટિલ જાળીદાર કોતરણીઓને કારણે તેને મસ્જિદ-એ-નગીના(મસ્જિદ રત્ન) તરીકે પણ ઓળખવામાં આવે છે.<br>➡ તેની સ્થાપત્ય શૈલી ઈસ્લામિક વાસ્તુ અને મરૂ ગુર્જર વાસ્તુ છે.<br>➡ મસ્જીદમાં કમાનો નથી. પરંતુ તેની છત રચનાની પદ્ધતિ અતિ સુંદર અને અસાધારણ નકશીવાળી છે. એને છેડે બે મિનારા છે. |
| હઠીસિંહના દેરા (અમદાવાદ)<br> | ➡ અમદાવાદના ધનવાન જૈન નગરશેઠ હઠીસિંહ કેસરીસિંહ દ્વારા ઇ.સ. 1848માં આ દેરાનું બાંધકામ કરવાની યોજના હતી પરંતુ તેમનું 49 વર્ષની વયે અવસાન થતાં તેમની પત્ની હરકુંવરબાઈ દ્વારા તેનું બાંધકામ કરવામાં આવ્યું.<br>➡ આ જૈન મંદિરમાં 15માં તીર્થંકર ધર્મનાથ મૂળનાયક છે. આ દેરાનું નિર્માણ દુષ્કાળ વખતે કરવામાં આવ્યું હતું જેથી બે વર્ષ દરમિયાન કારીગરોને રોજગારી મળી રહ્યો હતો. |

| | |
|---|---|
| | ➡ આ દેરાના સ્થપતિ પ્રેમચંદ સલાત હતા. હતા અને આ દેરાં વરસાદી પાણીના સંગ્રહ માટેના બાંધકામ માટે જાણીતા છે. |
| ત્રણ દરવાજા<br>(અમદાવાદ)<br> | ➡ અમદાવાદમાં ભદ્રના કિલ્લાની નજીક આવેલા ત્રણ દરવાજા સુલતાન અહેમદ શાહપ્રથમે ઇ.સ. 1411માં નિર્માણ કરાવ્યુ હતું. જેનું 1415માં પૂર્ણ થયું હતું.<br>➡ મરાઠા સૂબા ચીમનજી રઘુનાથે ઇ.સ. 1812માં ત્રણ દરવાજામાં ફરમાન લખવ્યું કે હવેથી સ્ત્રીઓને પિતૃક સંપત્તિમાં સમાન હક્ક રહેશે. આ લખાણ દેવનાગરી લિપિમાં છે.આ ભગવાન વિશ્વનાથનો હુકમ છે જો આમાં કઈ કસર થશે તો હિન્દુઓએ મહાદેવને અને મુસલમાનોએ અલ્લહ ને જવાબ આપવો પડશે. |
| ભદ્રનો દરવાજો<br>(અમદાવાદ)<br> | ➡ અમદાવાદમાં આવેલ ભદ્રનો કિલ્લો ઇ.સ. 1411માં  અહમદ શાહ પ્રથમે બંધાવ્યો હતો.<br>➡ ઇ.સ. 1817માં અંગ્રેજોએ અમદાવાદને જીતી લીધું અને બ્રિટિશરાજ દરમિયાન આ કિલ્લાનો ઉપયોગ કેદખાના તરીકે થતો હતો.<br>➡ તેના કલત્મક રીતે બંધાયેલા રાજવી મહેલો, મસ્જિદો અને દરવાજાઓ સતહે તેનો જીણોદ્ધાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા શહેરના સાંસ્કુતિક કેન્દ્ર તરીકે કરવામાં આવી છે. |
| ભદ્રકાલીનુંમંદિર (અમદાવાદ)<br> | ➡ ભદ્રકાલીનું મંદિર મરાઠા શાસન દ્વારા ઇ.સ. 1761માં બંધવામાં આવ્યું હતું. આ મંદિરમાં ભદ્રકાળીની ચાર ભુજા ધરાવતી શ્યામ મૂર્તિ છે. |
| એલિસબ્રિજપુલ<br>(અમદાવાદ)<br> | ➡ અમદાવાદમા આવેલ એલિસબ્રિજનું બાંધકામ ઇ.સ. 1889માં રાવબહાદુર હિંમતલાલ ધીરજલાલ ગુજરાતી ઇજનેરએ કર્યું હતું.<br>➡ આ બ્રિજને હજુ સુધી કાટ નથી લાગ્યો. |
| ગૂજરાતવિદ્યાપીઠ(અમદાવાદ)<br> | ➡ ગૂજરાત વિજ્ઞાપીઠ આશ્રમરોડ, અમદાવાદમાં આવેલી છે. તે 18 ઓક્ટોબર 1920માં મહાત્મા ગાંધીજીએ સ્થાપના કરી હતી.<br>➡ બ્રિટિશરોની ગુલામીમાંથી મુક્ત કરવાની લડત લડવા અને ભારતીય યુવાનોમાં સ્વદેશી પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી આ વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી હતી.<br>➡ ગૂજરાત વિજ્ઞાપીઠની શરૂઆત કોચરબ આશ્રમની પાછળ ડાહ્યાભાઈના બંગલામાં કરવામાં આવી હતી.<br>➡ ગૂજરાત વિજ્ઞાપીઠના પ્રથમ કુલપતિ મહાત્મા ગાંધીજી હતા. |

| | |
|---|---|
| | ➡ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 1929માં સાર્થ જોડણીકોશ' પ્રકાશિત કર્યો હતો.<br>➡ ગૂજરાત વિદ્યાપીઠના ચાન્સેલર તરીકે અત્યારે શ્રીમતી ઇલાબેન ભટ્ટ છે. |
| ટાઉનહોલ, (અમદાવાદ)<br> | ➡ કાપડ ઉદ્યોગપતિ શેઠ મંગળદાસ ગિરધરદાસ મેમોરિયલ હોલ, અમદાવાદમાં આવેલી એક મ્યુનિસિપલ ઇમારત છે.<br>➡ ટાઉન હોલની રચના બ્રિટિશ સ્થપતિ કર્લાક બેટલ એ 1942માં કરી હતી.<br>➡ મંગળદાસ ગિરધરદાસના પૌત્ર એવા સ્થપતિ કમલ મંગળદાસની આગેવાની હેઠળ **1997-98** માં વ્યાપક નવીનીકરણ કરવામાં આવ્યું હતું. |
| અટીરા,(અમદાવાદ)<br> | ➡ અમદાવાદ ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ એસોસિએશન (અટીરા) સંસ્થા અમદાવાદમાં આવેલ છે.<br>➡ તેની સ્થાપના ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા તરીકે ઓળખાતા ડૉ. વિક્રમ અંબાલાલ સારાભાઈએ 1947માં કરી હતી. |
| મુનસર તળાવ, (અમદાવાદ)<br> | ➡ મુનસર તળાવ સોલંકી વંશના રાજા સિદ્ધરાજ જયસિંહના માતા રાજમાતા મીનળદેવીએ ઇ.સ. 1090માં બંધાવેલ છે.<br>➡ આ તળાવ શંખ અને મંદિરો જેવો આકાર ધરાવે છે. આ તળાવ વિશાળ કોતરવામાં આવેલા પથ્થરથી ઘેરાયેલું છે. અને 300 થી વધુ નાનામોટા મંદિરો આવેલા છે. |
| લોથલ (અમદાવાદ)<br> | ➡ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનાં સરગવાળા ગામમાં આવેલ છે.<br>➡ લીંમડી ભોગાવો અને સાબરમતી વચ્ચેનો નદી વિસ્તાર છે.<br>➡ લોથલની શોધ ડૉ. એસ.આર.રાવે કરી હતી (1955-62)<br>➡ લોથલનો અર્થ ' મરેલાઓનો ટેકરો' થાય છે.<br>➡ લોથલને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. |
| દર્પણ,(અમદાવાદ) | ➡ દર્પણ એકેડમી અથવા દર્પણ એકેડમી ઓફ આર્ટ્સ અમદાવાદમા મૃણાલિની સારાભાઈએ સ્થાપના કરી હતી.<br>➡ **1960** માં સમાજમાં પરિવર્તન કલા ઉપયોગ ઉદ્દેશ સાથે આ સંસ્થા શરૂ કરી.<br>➡ આ સંસ્થામાં એકેડમી ભારતીય શાસ્ત્રીય નૃત્ય ભરતનાટ્યમ, ભારતીય શાસ્ત્રીય ગીતો, એમજીએમ, વાયોલિન વાદન વાંસળી વાદન, પપેટ કલા અને માર્શલ આર્ટસ **culrpits**અભ્યાસક્રમો ચલાવે છે. |
| શાહઆલમનોરોજો(અમદાવાદ)<br> | ➡ સુલતાન મહંમદ બેગડાના ગુરુ શાહઆલમ વટવા વાળા સૂફી સંત કુતુબઆલમ સાહેબના પુત્ર હતા. શાહઆલમ સાહેબ ઈ.સ. ૧૪૭૫મા ગુજરી ગયા.<br>➡ તેમનો રોજો (મકબરો) મહંમદ બેગડાના અમીર તાજખાન નરપાલીએઇ.સ. 1475 બંધાયો હતો.<br>➡ તાજખાને બંધાવેલો રોજો તેની આસપાસની ભૌમિતિક આકૃતિઓની જાળીઓથી ખુબ સુંદર ભાસે છે. દરવાજાના બારણાંની નકશી પણ ઉત્તમ છે. |


| | |
|---|---|
| | ➡ શાહઆલમના રોજાની શહેરની અતલસના કાપડ ઉપર જો શાહઆલમની જાળીઓની ભાત છાપેલી હોય તો તે કાપડનો ભાવ વધારે ઉપજતા હતો.<br>➡ કબરની ઉપર લાકડાની છત્રીમાં છીપનું સુંદર જડતર કામ છે. ઘૂમટમાં પણ છીપનું જડતર કામ ગ્યાસુદ્દીન અલી અસફખાને કરાવેલું છે. |
| રાણી રૂપમતી(અમદાવાદ)<br> | ➡ મિર્ઝાપુરમાં આવેલી રાણી રૂપ મંજરી પ્રથમ સુલતાન કુતુબુદ્દીનની અને પછી મહમુદ બેગડાની પત્ની હતી.<br>➡ તેની બાંધણી એટલી કુશળ રીતે થઈ છે કે વિદ્વાન સ્થાપત્ય નિષ્ણાત પણ તેમાંથી ભૂલ કાઢી શકે તેમ નથી. |
| મલાવ તળાવ (ધોળકા)<br> | ➡ મલાવ તળાવ સોલંકી વંશના રાજા સિદ્ધરાજ જયસિંહના માતા રાજમાતા મીનળદેવીએ ઇ.સ. 1050માં બંધાવેલ છે.<br>➡ આ જળાશય કરવાની જગ્યાએ એક ગણિકાનું મકાન આડે આવતું હતું. તેને પોતાની જગ્યા વેચવાની ના પાડી ત્યારે રાજમાતા મિનળદેવીએ બળજબરી ન કરી અને જળાશયના ઘટમાં ખાંચો રહેવા દીધો' એ પરથી 'ન્યાય જોવો હોય તો જુઓ મલાવ તળાવ' એ કહેવત પડી હતી. |
| સહસ્ત્રલિંગ તળાવ (પાટણ)<br> | ➡ સહસ્ત્રલિંગ તળાવ પાટણમાં આવેલું એક મધ્યયુગનું કૃત્રિમ તળાવ છે.<br>➡ તેનું બાંધકામ સોલંકી વંશના શાસક સિધ્ધરાજ જયસિંહ (1140)એ બંધાવેલ છે.<br>➡ આ તળાવનું સ્થાપત્ય હિન્દુ ધર્મ પ્રમાણે જળ વ્યવસ્થા અને પાણીની પવિત્રતાનું મહાન સંકલન જોવા મળે છે.<br>➡ પાંચ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલ આ તળાવના કાંઠા પર એક હજાર શિવલિંગો આવેલા હતા પરંતુ અત્યારે કેટલાક ખંડિત અવસ્થામાં જોવા મળે છે.<br>➡ સહસ્ત્રલિંગ તળાવને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે ઘોષિત કરવામાં આવેલ છે. |
| ત્રિકમ બારોટની વાવ (પાટણ)<br> | ➡ ત્રિકમ બારોટની વાવ પાટણમાં આવેલી છે.<br>➡ તે વડોદરાના શાસક આનંદરાવ ગાયકવાડદ્વારા બંધાવવામાં આવી છે.<br>➡ ત્રિકમ બારોટ કચ્છના મહાન સંત હતા. |
| રાણકી વાવ,પાટણ<br> | ➡ રાણી કી વાવ ચૌલુક્ય વંશના શાસન દરમિયાન બનાવવામાં આવી હતી.<br>➡ નરવરહ ખાંગરાની પુત્રી ઉદયમતીએ ભીમદેવની યાદમાં સહસ્ત્રલિંગાના મહિમાને વટાવી શ્રીપટ્ટણા (પાટણ) ખાતે આ વાવ બનાવી હતી. વાવમાં મહિસાસુર મર્દનીની પ્રતિમા આવેલી છે.<br>➡ બરોડા રાજ્ય હેઠળ કરવામાં આવેલા ખોદકામથી સ્ટેપવેલ જાહેર થયું. **1986** માં, ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ (એએસઆઈ) દ્વારા મુખ્ય ખોદકામ અને |

| | |
|---|---|
| | પુનર્સ્થાપન કરવામાં આવ્યું હતું.<br>➧ રાણી કી વાવને રાષ્ટ્રીય મહત્વનું સ્મારક જાહેર કરવામાં આવે છે તેને **22** જૂન, **2014** ના રોજ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની સૂચિમાં ઉમેરવામાં આવ્યું હતું.<br>➧ **2016** ની ભારતીય સ્વચ્છતા પરિષદમાં ભારતનું "ક્લીનિસ્ટ આઇકોનિક પ્લેસ" નામ આપવામાં આવ્યું હતું. |
| મોઢેરાનું સૂર્યમંદિર<br>(મહેસાણા)<br> | ➧ મોઢેરાનું સૂર્યમંદિર ભીમદેવ સોલંકી (પ્રથમ) (1026-27)બંધાવેલ છે.<br>➧ મોઢેરાનું સૂર્યમંદિરની સ્થાપત્ય શૈલી હિન્દુ મંદિર સ્થાપત્ય(મરૂ ગુર્જર)છે.<br>➧ મોઢેરાનું પ્રાચીન નામ ભગવદ્ ગામ હતું.<br>➧ મોઢેરાનું સૂર્યમંદિર મોઢેરા ખાતે પુષ્પાવતી નદીના કિનારે આવેલું છે.<br>➧ ગુજરાત પ્રવાસન ખાતું મોઢેરામાં દર વર્ષે જાન્યુઆરી મહિનામાં ત્રણ દિવસનો “ ઉતરાધ મહોત્સવ ઉજવાય છે.<br>➧ મોઢેરાનાં સૂર્યમંદિર ખાતે એક કુંડ આવેલો છે જેનું નામ રામ કુંડ છે.<br>➧ મોઢેરાનું સૂર્યમંદિર પરથી કર્કવૃત પસાર થાય છે.<br>➧ મોઢેરાનું સૂર્યમંદિરમાં સૂર્યનું પ્રથમ કિરણ મંદિરની એક અંદર ગર્ભગૃહમાં રહેલી સૂર્યપ્રતિમાના મુકુટની મધ્યમાં રહેલા મણિ પર પડતાં સમગ્ર મંદિર પ્રકાશની રોશનીથી ઝળહળી ઊઠે છે અને દિવ્યતા પ્રગટાવે છે. |
| સુદર્શન તળાવ (જુનાગઢ)<br> | ➧ પુષ્પકૃત( ચન્દ્રગુપ્ત મૌર્યનો સૂબો)એ બંધાવ્યું હતું.<br>➧ ‘તુષાશ્પે’ (અશોકનો સૂબો)એ તળાવમાંથી નહેરો કઢાવી હતી.<br>➧ “રૂદ્રદામા’ના સમયમાં તળાવ ફાટયું હતું.<br>➧ ‘સુવિશાખ’(રૂદ્રદામાનો સૂબો)એ તળાવનું સમારકામ કરાવ્યુ હતું.<br>➧ ‘ચક્રપાલિત ( સ્કંદગુપ્તનો સૂબો)એ બીજી વખત તળાવનું સમારકામ કરાવ્યુ  હતું. |
| મહાબતનો મકબરો (જુનાગઢ)<br> | ➧ આ મકબરો જુનાગઢ રાજ્યના નવાબ મહોબ્બતખાન બીજોએ 1878માં બંધાવેલ છે.જે 1892માં નવાબ બહાદુરખાન ત્રીજાના શાસન દરમિયાન સમાપ્ત થયું હતું.<br>➧ આ મકબરો પ્રાચીન સ્મારકો અને પુરાતત્વિય સ્થળો અને અવશેષો અધિનિયમ 1965 હેઠળ રાજ્ય સંરક્ષિત સ્મારક છે.<br>➧ આ મકબરો ઇન્ડો-ઈસ્લામિક, ગોથિક અને યુરોપિયન શૈલીના સંયોજન માટે જાણીતો છે. આ મકબરાની આંતરિક અને બાહ્ય ભાગો પર નકશીકામ જોવા મળે છે. તથા પીળા રંગના છાંટવાળા આછા ભૂખરા રંગની કમાન આવેલી છે. |
| અશોકનો શિલાલેખ<br>(જુનાગઢ)<br><br> | ➧ ગુજરાતનો સૌથી પ્રાચીન અને ઐતિહાસિક શિલાલેખ જૂનાગઢની પશ્ચિમે આવેલ છે.<br>➧ સમ્રાટ અશોકનો શિલાલેખ 250 બીસીએ યુગનો છે.અને  તે પ્રકૃત ભાષામાં અને બ્રહ્મી લિપિમાં કોતરએલ છે.<br>➧ આ શિલાલેખ શંકુ આકારનો અને તે જમીનથી લગભગ 12 ફૂટ ઊંચો છે. અને તે ઇ.સ. 1822માં કર્નલ ટોડો એ શોધ કરી હતીઅને જોન્સ પ્રિન્સેસ તેની લિપિ ઉકેલી તેનું ભાષાંતર બહાર પડ્યું. |

<table>
<tr><td></td><td></td></tr>
<tr><td>ડભોઈનો કિલ્લો<br></td><td>
➡ સિદ્ધરાજસિંહ જયસિંહના શાસનકાળ દરમિયાન બાંધવામાં આવ્યો છે.<br>
➡ આ કિલ્લાનો મુખ્ય સ્થપતિ દેવો અને હીરા કડિયા  નામના શિલ્પકાર હતા. આ કિલ્લાનો આકાર સ્વસ્તિક જેવો છે.<br>
➡ ડભોઈ કિલ્લાના ચાર દરવાજા છે. ઉત્તરે (ચાંપાનેર -મહુડી દરવાજો) , દક્ષિણે નાંદોરી દરવાજો, પૂર્વમાં હીરા ભાગોળઓ દરવાજો અને પશ્ચિમમાં વડોદરાનો દરવાજો આવેલો છે.<br>
➡ આ કિલ્લાના નિર્માણ અંગેની કથા આધારિત કૃતિ ‘ વિનિપાત’ જે ધૂમકેતુની ટૂંકીવાર્તા છે.</td></tr>
<tr><td>રોહાનો કિલ્લો<br></td><td>
➡ કચ્છ જિલ્લાના  નખત્રાણા તાલુકાનાં રોહા ગામની સીમા પર આવેલ છે. રાવ ખેંગારજી પ્રથમના ભાઇ સાહેબજીએ રોહા ગામની સ્થાપના કરી હતી.<br>
➡ આ કિલ્લો ઠાકોર નવઘનજી દ્વારા બંધાવવામાં આવ્યો છે.<br>
➡ તેનું બાંધકામ ગ્રેનાઇટ અને ચૂનાના પથ્થરોથી કરવામાં આવેલ છે.<br>
➡ ગુજરાતના પ્રખ્યાત કવિ કલાપીએ રોહાની ટેકરી પર શાંત અને રમણીય વાતાવરણમાં કવિતાઓ લખી છે.</td></tr>
<tr><td>રણમલ લખોટા તળાવ<br></td><td>
➡ રણમલ લખોટા તળાવ જામનગરમાં આવેલું છે અને તેનું નિર્માણ નવાબ રણમલજી બીજાએ ઇ.સ. 1820 થી 1852માં કરાવ્યુ હતું.<br>
➡ સહેલાણીઓ તેમજ યાયાવર પક્ષીઓ માટે પણ આદર્શ આશ્રય-સ્થાન પૂરૂં પાડે છે.<br>
➡ અંદાજે પાંચ લાખ ચોરસ મીટરના ઘેરાવાનું આ વર્તુળાકાર તળાવ નવાનગરની આગવી ઓળખ છે. તળાવની ફરતે વાટિકાઓ, બુરજ, કલાત્મક ઝરૂખાઓ વગેરે જેવા વિશ્રામ સ્થાનો મુકવામાં આવ્યાં છે.</td></tr>
<tr><td>ચાંપાનેર (પંચમહાલ જિલ્લો)<br>
</td><td>
➡ પંચમહાલના હાલોલ તાલુકામાં આવેલું ચાંપાનેરની સ્થાપના ચાવડા વંશના રાજા વનરાજ ચાવડાએ ૮મી સદીમાં કરી હતી<br>
➡ પર્વત પર આવેલા પાવાગઢ ખાતે મહાકાળી માતાનું મંદિર આવેલું છે<br>
➡ મહમદ બેગડાએ ચાંપાનેર પર વિજય મેળવ્યા બાદ થોડા સમય માટે ચાંપાનેરને તેની રાજધાની બનાવી હતી અને તેને મુહમ્માદાબાદ નામ આપ્યું હતું.<br>
➡ યુનેસ્કોએ તેને ઇ.સ. 2004માં વૈશ્વિક વારસાના સ્થળોની યાદીમાં સ્થાન પામનાર પ્રથમ છે.<br>
➡ ચાંપાનેર ચૌહાણ વંશની રાજધાની હતી.</td></tr>
<tr><td>શર્મિષ્ઠા તળાવ (વડનગર)<br></td><td>
➡ મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં આવેલ છે.<br>
➡ નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈની દીકરી શર્મિષ્ઠાના નામ પરથી તળાવ નામ પાડવામાં આવ્યું છે.<br>
➡ ઇતિહાસ પ્રમાણે શરૂઆતમાં અરવલ્લીની પર્વતમાળામાંથી નીકળતી કપિલા નદીના તીરે માનવ વસવાટ શરૂ થયો હતો. એ બાદ કપિલા નદીના પાણીથી નિર્માણ પામેલા શર્મિષ્ઠા તળાવની આસપાસ આ વસાહત વિસ્તરણ પામી હતી.</td></tr>
</table>

| | |
|---|---|
| તાનારીરી સ્મારક (વડનગર)<br> | ➡ મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં આવેલ છે.<br>➡ નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈની દીકરી શર્મિષ્ઠાને વડનગર પરણાવી હતી અને તેને તાના અને રીરી બે (જોડિયા) દીકરીઓ હતી.<br>➡ સંગીત સમ્રાટ તાનસેનના દાહનું મેઘમલ્હાર રાગ ગાઈને શમન કરનાર તાનારીરીબહેનોની સમાધિ સ્થળ છે.<br>➡ દર વર્ષે ગુજરાત પ્રવાસન વિભાગ તાનારીરી સંગીત સમારોહનું આયોજન કરે છે. |
| કીર્તિ તોરણ (વડનગર)<br> | ➡ મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં આવેલ છે.<br>➡ સોલંકીકાળમાં બનેલા સુંદર તોરણોના અવશેષો પણ છે વડનગરમાં આવેલ આ તોરણ 14 મીટર ઊંચાઈ ધરાવે છે.<br>➡ લાલ અને પીળા રેતીના પથ્થરોમાંથી બનાવેલ છે.<br>➡ સિદ્ધપુરના રુદ્ર મહાલયના કોતરકામને મળતું આવે છે. |
| હાટકેશ્વર શિવાલય (વડનગર)<br> | ➡ મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં આવેલ છે.<br>➡ સમસ્ત નાગર બ્રહ્મણોના ઇષ્ટદેવ ભગવાનહાટકેશ્વર સોલંકીકાળમાં બનેલ ભવ્ય મંદિર છે.<br>➡ ચિત્રગુપ્ત નામના એક નાગરે ઘોર તપશ્ચર્યા કરી ભગવાન શિવને પ્રસન્ન કર્યા અને ભગવાનની આજ્ઞાથી ચિત્રગુપ્તની આગેવાની હેઠળ મંદિર સ્થાપી સોનાના લિંગની સ્થાપના કરી અને વચન આપ્યા મુજબ દેવાધિદેવ હાટકેશ્વર પ્રગટ થયા. |
| જેસલ તોરલની સમાધિ (અંજાર)<br> | ➡ જેસલ તોરલની સમાધિ કચ્છ જિલ્લાના અંજારમાં આવેલ છે.<br>➡ ૧૪ મી સદીના મધ્યભાગમાં કચ્છની ધરતીનો કાળો નાગ ગણાતો બહારવટીયો અને લૂંટારોત્યારબાદ સાધુ બનેલ જેસલ જાડેજાની અને કાઠિયાવાડમાં સલડી ગામનાસાંસતિયાજીની પત્ની તોરલની સમાધિ છે.<br>➡ જેસલે તેમની પાસે તેમની તોરી નામની ઘોડી અને પત્નીની માંગ કરી તો ભગતે કહ્યું કે જો તું ધર્મનો રસ્તો સ્વીકારે તો હુ તારી માંગણી પુરી કરવા માટે તૈયાર છું. જેસલે આ વાતનો સ્વીકાર કર્યો. |
| નવલખા મંદિર (ઘૂમલી)<br> | ➡ ઘૂમલીનું નવલખા મંદિર જેઠવા શાસકો દ્વારા 11મી સદીમાં બનાવ્યું હતું.<br>➡ ગુજરાતનું સૌથી પ્રાચીન સૂર્ય મંદિર છે<br>➡ નવલખા મંદિર નવ લાખના ખર્ચે બંધવામાં આવ્યું તેથી તેનું નામ નવલખા પડ્યું છે.<br>➡ આ મંદિર મરૂ ગુર્જર સ્થાપત્ય શૈલીમાં બાંધવામાં આવ્યું છે.<br>➡ મુખ્ય મંદિરની ભાર એક ગણેશ મંદિર છે જે ઘૂમલી ગણેશમંદિર તરીકે ઓળખાય છે. |

| | |
|---|---|
| મણીમંદિર (મોરબી)<br> | ➡ ભારતનો મીની તાજમહેલ એટલે મણીમંદિર(વાઘમંદિર)<br>➡ ઇ.સ. 1935માં મોરબીના મહારાજા વાઘજી ઠાકોરે પોતાની પત્ની મણિબાઈની યાદમાં મણીમંદિર બંધાવ્યું હતું.<br>➡ ઇ.સ. 1922માં વાઘજી ઠાકોરનું અવસાન થતાં લખધીરસિંહજી ઠાકોર દ્વારા આ કામ આગળ ધપાવવામાં આવ્યું અને તે 1935માં પૂર્ણ થયું હતું.અને તેમના હસ્તે લોકાર્પણ થયું.<br>➡ આ મણીમંદિરમાં 130 ઓરડાઓ તથા વચ્ચે મંદિર આવેલા છે.<br>➡ 20 કરોડના ખર્ચે ઐતિહાસિક ઇમારતનું રિનોવેશન કરવામાં આવ્યું હતું. |
| સોમનાથ મંદિર<br>(પ્રભાસ પાટણ)<br> | ➡ ઇ.સ. 1950માં સોમનાથ મંદિરની આધારશિલા જામનગરના શાસક દિગ્વિજયસિંહજી હતા.<br>➡ આ મંદિરનુ નિર્માણ ચાલુકય શૈલી અને નાગરશૈલીમાં જોવા મળે છે.<br>➡ આ મંદિરના મુખ્ય સ્થપતિ પ્રભાશંકર સોમપુરા હતા.<br>➡ સોમનાથ મંદિરનો જીણોધ્ધાર સરદાર વલ્લભભાઈ પટેલે કરાવ્યો હતો.<br>➡ સોમનાથ મંદિરનો શિલાન્યાસ ડો. રાજેન્દ્ર પ્રસાદે કર્યો હતો.<br>➡ સોમનાથનો સર્વપ્રથમ ઉલ્લેખ ઋગ્વેદમાં થયેલો જોવા મળે છે. અલબરૂની અને માર્કોપોલોએ સોમનાથ નો ઉલ્લેખ કરેલો છે. |
| ઘેલા સોમનાથ | ➡ સોમનાથ મંદિરનુ મૂળ શિવલિંગ ઘેલા સોમનાથ મંદિર રાજકોટ જીલ્લામાં આવેલું છે.<br>➡ આ મંદિર રાજકુમારી મિનળદેવીએ આક્રમણથી બચાવવા શિવલિંગ ત્યાં સ્થાપિત કર્યું હતું. |
| દ્વારકા મંદિર (જગત મંદિર)<br> | ➡ શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભે આ મંદિરની રચના કરી હતી.<br>➡ ઇ.સ.1861માં વડોદરાના મહારાજા ખંડેરાવ ગાયકવાડે દ્વારકા મંદિરનો જીણોધ્ધાર કરાવ્યો હતો.<br>➡ ઇ.સ. 1903માં વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે ત્રીજા દ્વારા સુવર્ણકળશ ચઢાવવામાં આવ્યો હતો. |
| નારાયણ સરોવર<br> | ➡ કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં આવેલું એક ગામ છે.<br>➡ હિન્દુ પૌરાણિક કથાઓ પ્રમાણે પાંચ પવિત્ર સરોવરમાં આ સરોવરનો સમાવેશ થાય છે.<br>➡ આ સરોવરમાં 18 પ્રકારના સર્પ પ્રજાતિ , 184 જાતના પક્ષીઓ, 19 પ્રકારના રેપડ અને 252 પ્રકારની વનસ્પતિઓ આવેલી છે.<br>➡ આ સ્થળે વૈષ્ણવ સંપ્રદાયના મંદિરો આવેલા છે જે રાવ દેશળજી ત્રીજાની રાણીએ બંધાવ્યા છે. |
| માતાનો મઢ<br>આશાપુરા માતાનું મંદિર | ➡ કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં આવેલ છે.<br>➡ અહી આશાપુરા માતાની છ ફૂટની ઊંચી અને ચ ફૂટ પહોળી સ્વ્યંભૂ મૂર્તિ બિરાજમાન છે.<br>➡ આ મંદિર દેવચંદ વાણિયાએ બંધાવ્યું હતું. |

| | |
|---|---|
|  | ➧ 1819માં કચ્છમાં આવેલ ભૂકંપને કારણે ભારે નુકસાન થતાં પાંચ વર્ષ પછી સુંદરજી શિવજી અને વલ્લભાજીએ આ મંદિર ફરીથી બંધાવ્યું. |
| બજરંગદાસ બાપુ (બગદાણા)<br> | ➧ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાનાં બગદાણામાં બજરંગદાસ બાપાનું મંદિર આવેલું છે.<br>➧ તેઓ બજરંગદાસ બાપા, બાપા સીતારામ અથવા માત્ર બાપા તરીકે પણ ઓળખાય છે. |
| ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર (તરણેતર)<br> | ➧ સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેતર ગામમાં આવેલ છે.<br>➧ ઇ.સ. ૧૯૦૨માં આ મંદિર લખપતના રાજવી કરણસિંહજી એમની પુત્રી કરણબાની યાદમાં બંધાવેલ હતું.<br>➧ પુરાતત્વ વિભાગ દ્વારા આ સ્થળ રક્ષિત કરવામાં આવ્યું છે.<br>➧ અહી ભાદરવા સુદ ત્રીજ થી છઠ્ઠ સુધી તરણેતરનો મેળો ભરાય છે. જેમાં ટિટોડો અને હુડા રાસ આ મેળાનું આકર્ષણ છે. આ મેળાની બીજી એક વિશેષતા એ છે કે ' સુંદર ભારત ભરેલી છત્રીઓ' |
| મહાકાળી મંદિર (પાવાગઢ)<br> | ➧ પંચમહાલ જિલ્લાના પાવાગઢમાં આવેલું છે. ગુજરાતના ત્રણ શક્તિપીઠ પૈકીનું એક છે. અહી મહાકાળી માતાનું સ્થાનક છે.<br>➧ મહર્ષિ વિશ્વામિત્રને આ પર્વત પર મહાકાળી માતાજીની ઉપાસના કરી માતાજી પાસેથી ' બ્રહ્મર્ષિ'નું બિરૂદ મેળવ્યું હતું.<br>➧ આ પર્વત ઉપર માંચીની હવેલી, પતઈ રાવળનો મહેલ અને સદનશા પીરની જગ્યા આવેલ છે.<br>➧ ચાંપાનેરને વર્ષ 2004 વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સ્થાન મળ્યું છે. |
| ભવનાથ મહાદેવ (જૂનાગઢ)<br> | ➧ આ મંદિર જુનાગઢમાં સુવર્ણરેખા નદીને કિનારે આવેલું છે. જે શિવલિંગ સ્વયંભુ છે.<br>➧ નાગાબાવાના અખાડા આ મેળાની વિશેષતા છે. |
| રણછોડરાયનું મંદિર (ડાકોર)<br> | ➧ આ મંદિર ખેડા જિલ્લાના ડાકોરમાં ગોમતી નદીને આવેલું છે.<br>➧ આ મંદિરનું નિર્માણ ઇ.સ. ૧૭૭૨માં ગોપાલ જગન્નાથ તાંબે કરાવ્યુ હતું.<br>➧ આ મંદિરમાં આસો સૂદ પૂનમના દિવસે માણેકઠારી પૂનમનો મેળો ભરાય છે.<br>➧ વજેસિંગ બોડાણા નામનો વ્યક્તિ રણછોડરાયનો પરમ ભક્ત હતો. |
| ભારત મંદિર(પોરબંદર) | ➧ ભારત મંદિર પોરબંદરમાં આવેલ છે.<br>➧ ઇ.સ. 1959માં રાજરત્ન નાનજી કાલિદાસ મહેતા દ્વારા બનાવવામાં આવ્યું છે. |

| | |
|---|---|
|  | ➡ ભવનના જુદા જુદા સ્તંભો પર માનવ સંસ્કૃતિના બેજોડ નમૂના જોવા મળે છે. |
| સુદામા મંદિર,(પોરબંદર)<br> | ➡ ભારતનું એક માત્ર ભગવાન શ્રીકૃષ્ણના મિત્ર સુદામાનું મંદિર પોરબંદરમાં આવેલું છે.<br>➡ ઇ.સ. 1903માં પોરબંદરના મહારાજા ભાવસિંહજીએ આ મંદિરનુ નવનિર્માણ કરાવ્યુ હતું. |
| કિર્તિ મંદિર<br>(પોરબંદર)<br> | ➡ મહાત્મા ગાંધીનું જન્મસ્થળ જે પોરબંદરમાં આવેલું છે. મહાત્મા ગાંધી અને કસ્તુરબા ગાંધીની યાદમાં બાંધવામાં આવેલ છે.<br>➡ કીર્તિ મંદિરના બાંધવામાં પોરબંદરના મહારાજા શ્રી નટવરર્સિંહજીઅને રાજરત્ન શ્રી નાનજી કાલિદાસ મહેતાનો મોટો ફાળો છે. અને તેનું બાંધકામ પુરસોતમમિસ્ત્રીએ કર્યું હતું.<br>➡ કીર્તિ મંદિરનુ ઉદ્‌ઘાટન સરદાર વલ્લભભાઈ પટેલના હસ્તે ઇ.સ. 1949માં કરવામાં આવ્યું હતું.<br>➡ કીર્તિ મંદિર સ્થાપત્યમાં છ ધર્મો હિન્દુ, બૌદ્ધ, જૈન,પારસીન ચર્ચ અને મસ્જિદનું મિશ્રણ જોવા મળે છે. |
| ખોડિયાર માતાજી (રાજપરા)<br> | ➡ ભારતનું સુપ્રસિદ્ધ મંદિર ભાવનગર જિલ્લાના રાજપરામાં આવેલું છે.<br>➡ રાજપરાનું આ ખોડિયાર મંદિર સૌ પ્રથમ આતાભાઈ ગોહિલે બંધાવ્યુ હતું. ત્યાર બાદ ઈ.સ.૧૯૧૪ની આસપાસ ભાવનગરનાં રાજવી ભાવસિંહજી ગોહિલે આ મંદિરનું સમારકામ કર્યું હતું. .<br>➡ આ મંદિરની સામે જ પાણીનો ધરો આવેલો છે. જે તાંતણીયા ધરા તરીકે પ્રખ્યાત છે. |
| સ્ટેચ્યું ઓફ યુનિટી<br> | ➡ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યું ઓફ યુનિટી (સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા) 182 મીટરની ઊંચાઈ ધરાવે છે.<br>➡ તે સરદાર સરોવર બંધની સામે **3.2 km (2.0 mi)** દૂર નદીમાં આવેલા સાધુ બેટ પર ભરૂચ નજીક આવેલું છે.<br>➡ સ્ટેચ્યું ઓફ યુનિટીના મુખ્ય શિલ્પકાર રામ વાનજી સુથાર હતા. જે મહારાષ્ટ્રના વતની છે.<br>➡ ૩૧ ઓક્ટોબર ૨૦૧૩ના રોજબાંધકામ શરૂ થયું હતું અને મધ્ય ઓક્ટોબર ૨૦૧૮માં બાંધકામ પૂર્ણ થયું હતું. ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ સરદાર પટેલની ૧૪૩મી જન્મજયંતિ પર ભારતના ૧૪મા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેનું વિધિવત ઉદ્ઘાટન કરાયું હતું |